# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

SGCCI

(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેકસ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in


રેફ નં. તા : ૨૦/૪/૨૦૨૧

તંત્રીશ્રી, ______________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.
આપનો વિશ્વાસુ,

(ડે. સેક્રેટરી)

---

# ચેમ્બર દ્વારા 'બેઝીકસ ઓફ ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ' વિશે વેબિનાર યોજાયો

**સુરત.** ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી દ્વારા રવિવાર, તા. ૧૮ એપ્રિલ ૨૦૨૧ના રોજ 'બેઝીકસ ઓફ ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી રાઇટ્સ' વિષય ઉપર વેબિનારનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં નિષ્ણાંત વકતા તરીકે પ્રેકટીસિંગ પેટેન્ટ એટર્ની અને સ્ટાર્ટ–અપ મેન્ટર ડો. અનિલ સરાવગીએ ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી એટલે કે બૌદ્ધિક સંપદા વિશે મહત્વનું માર્ગદર્શન આપ્યું હતું.

ડો. અનિલ સરાવગીએ જણાવ્યું હતું કે, નોલેજ ઇકોનોમીની વાત કરીએ તો દરેક ઉદ્યોગકારોએ ઇનોવેશન ઉપર ધ્યાન આપવું જોઇએ. ઇનોવેશન થકી જ કેપીટલનું નિર્માણ થાય છે અને તે જ ખરી મૂડી છે. ગુણવત્તાસભર ટ્રેડમાર્ક, પેટેન્ટ વિગેરે કેટલા છે એના ઉપર વિશ્વની અગ્રણી કંપનીઓનું મૂલ્યાંકન થાય છે. આ બાબતે ભારત ઘણું પાછળ છે તેમ કહી શકાય. ભારતે પણ ટ્રેડમાર્ક અને પેટેન્ટ વિગેરેમાં આગળ આવવું જોઇએ. તેમણે રીયલ અને ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી વચ્ચેના તફાવત વિશે વિસ્તૃત ચર્ચા કરી હતી.

તેમણે જણાવ્યું હતું કે, રીયલ પ્રોપર્ટી ગમે તે હોય તેનો ઉપયોગ કરતા જઇએ એટલે એ ઓછી થાય છે અને એક દિવસ એ ખતમ થઇ જાય છે. જ્યારે ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટીનો ગમે તેટલો અને ગમે તેટલી વખત ઉપયોગ કરો તે કયારેય ઓછી અથવા ખતમ થતી નથી. તેમણે દાખલા આપીને આ અંગે સમજણ આપી હતી. તેમણે ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટી એટલે કે બૌદ્ધિક સંપદા જેવી કે ટ્રેડમાર્ક, પેટેન્ટ, કોપીરાઇટ અને ડિઝાઇન વિશે વિગતવાર છણાવટ કરી હતી.

તેમણે કહયું હતું કે, ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટીનું નિર્માણ કરવું ઘણું અઘરું છે પણ તેની કોપી કરવી સરળ છે. ઇન્ટેલેકચ્યુઅલ પ્રોપર્ટીનું બહોળા પ્રમાણમાં કોપી થાય છે, આથી તેને પ્રોટેકટ કરવા માટે વૈશ્વિક સ્તરે અલગ અલગ પ્રકારની વ્યવસ્થા કરવામાં આવી છે. ભારતમાં પણ કાયદાઓનું ગઠન કરવામાં આવ્યું છે. તેમણે પેટેન્ટ એકટ, કોપીરાઇટ એકટ, ડિઝાઇન એકટ અને ટ્રેડમાર્ક એકટ વિશે પણ માહિતી આપી હતી.

ડો. અનિલ સરાવગીએ વધુમાં કહયું કે, પેટેન્ટ ર૦ વર્ષ માટે ચાલે છે અને ત્યારબાદ તે રિન્યુ કરાવી શકાય નહીં. ટ્રેડમાર્ક ૧૦ વર્ષ ચાલે છે અને ત્યારબાદ રિન્યુ કરાવી શકાય છે. કોપીરાઇટ એ નિર્માતા જીવે છે ત્યાં સુધી અને તેના મૃત્યુના ૬૦ વર્ષ સુધી ચાલે છે. જ્યારે ડિઝાઇન એ ૧૦ વર્ષ ચાલે અને ત્યારબાદ માત્ર એક વખત પાંચ વર્ષ માટે રિન્યુ કરી શકાય છે. તેમણે કહયું કે, ગ્લોબલ પેટેન્ટ જેવું કશું હોતું નથી. દરેક દેશની સાર્વભૌમ સરકાર પેટેન્ટ ગ્રાન્ટ કરે છે. જે દેશમાં પેટેન્ટ જોઇતી હોય ત્યાં રજિસ્ટ્રેશન કરાવવી પડે છે. આ બાબત ખાસ્સી મહેનત માગી લે છે પણ વળતર સારું હોય છે.

ચેમ્બરના પ્રેસિડેન્ટ ઇલેકટ આશિષ ગુજરાતીએ વેબિનારમાં સ્વાગત પ્રવચન કર્યું હતું. જ્યારે માનદ્‌ મંત્રી નિખિલ મદ્રાસીએ સમગ્ર વેબિનારનું સંચાલન કર્યું હતું.